# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તાઃ ૧૮/૧૦/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# વિદ્યાર્થીઓ અને ઉદ્યોગ સાહસિકો ટ્રાવેલ એન્ડ ટુરીઝમ ક્ષેત્રે સફળ કારકિર્દી બનાવી શકે તે હેતુથી ચેમ્બર દ્વારા ટ્રાવેલ કન્સલ્ટન્ટ કોર્સ શરૂ કરવામાં આવશે

## ચેમ્બર દ્વારા ટ્રાવેલ ઉદ્યોગને ઓર્ગેનાઇઝ્ડ કરવાનો પ્રયાસ

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૧૪ ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'ટ્રાવેલ કન્સલ્ટન્ટ કોર્સ'ની માહિતી આપવાના હેતુથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત ટુરીઝમના સુરત ખાતેના ઇન્ચાર્જ અધિકારી તુલસી હાંસોટી અને સાઉથ ગુજરાત ટ્રાવેલ કન્સલ્ટન્ટ એસોસિએશન– સુરતના પ્રમુખ રાજીવ શાહ ઉપસ્થિત રહયા હતા.

આ કાર્યક્રમમાં ટાઇના સાઉથ ગુજરાત ચેપ્ટરના પ્રમુખ માલ્કમ પંડોળે સ્કીલ્ડ અને માહિતીસભર વ્યકિતઓની ટ્રાવેલ ઉદ્યોગમાં રહેલી જરૂરિયાત વિશે વિસ્તૃત માહિતી આપી હતી. જ્યારે વનિતા વિશ્રામ યુનિવર્સિટીના ટુરીઝમ ડિપાર્ટમેન્ટના એડવાઇઝર અભિષેક મોદીએ ચેમ્બર દ્વારા શરૂ કરવામાં આવનાર ટ્રાવેલ કન્સલ્ટન્ટ કોર્સ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ત્રણ મહિનાના કોર્સ દરમ્યાન સપ્તાહના પાંચ દિવસ સુધી વિદ્યાર્થીઓ તેમજ ઉદ્યોગ સાહસિકોને પાંચ દિવસ થિયરી ભણાવવામાં આવશે. ત્યારબાદ શહેરના જાણીતા ટ્રાવેલ કન્સલ્ટન્ટને ત્યાં તેઓને પ્રેકટીકલ નોલેજ આપવામાં આવશે. વિદ્યાર્થીઓ સફળ ટ્રાવેલ એજન્ટ બની શકે તે માટે ભવિષ્યમાં સીઆરએસ સિસ્ટમના કોર્સનું પણ આયોજન કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં ચેમ્બરના ગૃપ ચેરમેન સંજીવ ગાંધીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે ચેમ્બરની ટુર્સ એન્ડ ટ્રાવેલ કમિટીના ચેરમેન વિનેશ શાહે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. વિનેશ શાહે જણાવ્યું હતું કે, શહેરીજનો જ્યારે ફરવા માટે જતા હોય છે ત્યારે તેઓને પૂરતું માર્ગદર્શન મળી રહે તે માટે તેમજ મુસાફરી દરમ્યાન તેઓને વિવિધ મુશ્કેલીઓનો સામનો કરવો ન પડે તે હેતુથી ટ્રાવેલ ઉદ્યોગની સાથે સંકળાયેલા તેમજ ભવિષ્યમાં આ ઉદ્યોગમાં ઉદ્યોગ સાહસિક બનવા માગતા વિદ્યાર્થીઓને કુશળ બનાવવાના હેતુથી ચેમ્બર દ્વારા ટ્રાવેલ કન્સલ્ટન્ટ કોર્સ શરૂ કરવામાં આવી રહયો છે.